**રાજકોટના ૬ઠ્ઠા એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, રાજકોટ.**

**ફોજદારી કેસ નં. ૪૯૬૬/૨૦૨૫**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : જયદીપભાઈ હરેશભાઈ જોષી

**ગુનો : ઈ. પી. કોડની કલમ –૧૮૮ મુજબ.**

**:: કબુલાત ઠરાવ ::**

૧. આ કામે ત્હોમતદારનાઓએ કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિ કરવાની ખાતરી આપે છે, જે મુજબ ત્હોમતદારની પુરસીસ રેકર્ડ ઉપર લેવામા આવેલ છે. અને તહોમતદારની પુછપરછ કરતાં તેઓએ ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

૨. ત્હોમતદાર તરફે વિ. ધારાશાસ્ત્રીની રજુઆત છે કે, તહોમતદાર સામે ઈ. પી. કોડ ની કલમ –૧૮૮ નો આક્ષેપ છે. આરોપી ગરીબ વર્ગના માણસ છે, તેમની પરિસ્થિતિ ખુબ નબળી છે. ગુનાનુ તહોમત જોતા સજાની જોગવાઈ ઓછી છે, સામાન્ય ગુનો છે, ગુન્હાનુ સ્વરૂપ જોતાં તે સામાન્ય છે. પ્રથમ ગુનો છે. ભુતકાળમા ગુનો કરેલ નથી, આરોપીની ઉંમર –૪૨ વર્ષની છે. અને કુટુંબમા એક માત્ર કમાનાર છે અને બાળ બચ્ચાવાળા હોઈ કુટુબના સભ્યોની જવાબદારી તેમના ઉપર છે. બીજુ કોઈ કમાનાર નથી. જો આરોપીને ઓછામાં ઓછી કરતાં પણ ઓછી સજા અને દંડ કરવામાં આવશે તો તેઓને ગુનો કર્યાનો ઘણો જ અહેસાસ છે અને ફરી વખત આવો ગુનો ન થાય તેની પુરતી કાળજી રાખશે. જેથી ત્હોમતદાર ઉપર દયા રાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

૩.   ત્હોમતદાર સામેના આક્ષેપીત ગુનો ધ્યાને લેતા તથા ફરીયાદની હકીકત ધ્યાને લેતા કોઈ માનવ જિંદગી ની કોઈ સલામતીને ભયમાં મુકી હુલ્લડ કે બખેડો કરેલ હોવાનો કોઈ આક્ષેપ નથી. જેથી તહોમતદારની કબુલાત પુરસીસ ધ્યાનુે લઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

**હુ ક મ**

ક્રિમીનીલ પ્રોસીજર કોડની કલમ –૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કોડ ની કલમ –૧૮૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીન –૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૯ મી, માહે : માર્ચ, સને ૨૦૨૪ ના રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :રાજકોટ.

તારીખ :૦૮/૦૩/૨૫

(શીતલ વેંકટેશન મુદલીયાર)

૬ઠ્ઠા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
રાજકોટ.

કોડ નં. જીજે ૦૧૬૯૮